

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*સિંહે કરેલો શિકાર શિયાળવાં ખેંચી જશે,*
*પરસેવાની કમાણી સત્તા-ભૂખ્યા વેંચી લેશે,*
*પેંચી જશે પક્ષ-સંગઠન 'સમાજ'ની ધાકે -*
*ને રામમંદિરનાં સપનાં આંખ મીંચી જશે...*

હાઈકુ

*મંત્રી મંડળે,*
*રીસને મનાવણાં -*
*છે દાવપેંચ...*
*(શતરંજ સત્તાની)*

*ધા અનામત,*
*ધર્મ જ્ઞાતિ સમાજે*
*વહેંચો બેઠક -*
*(ને આપો પ્રધાનપદ)*

### ચિંતન

*સ જાતો યેન જાતેન યાતિ વંશઃ સમુન્નતિમ્ ।*
*પરિવર્તિતે સંસારે મૃતઃ કો વા ન જાયતે ।*

**ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**જેના જન્મથી વંશની ઉન્નતિ થાય તે જ માણસ ખરેખર જન્મ્યો છે. તે સિવાય તો આ પરિવર્તનશીલ સંસારમાં કોણ જન્મતું નથી અને કોણ મરતું નથી?**

**ખાધુ-પીધું-સૂતા અને ઉઠ્યા, આ જિંદગીનો નિત્યક્રમ તો જે વિચાર કરી શકતાં નથી એવાં પશુ-પંખી, પણ માનવી કરતાં પણ નિયમિત રીતે કરે છે જન્મે અને મરણ પામે.**

**એ શિક્ષિત નથી છતાં મુશ્કેલીઓ વેઠી ફરિયાદ કર્યા વિના જીવી જાય છે...**

**માનવી શું આના કરતાં વધારે સારી રીતે ન જીવી શકે ?!**

### સુવિચાર

- આત્માર્થ પિપાસુને નથી નડતો ધાર્મિક ભેદ... ગીતા, ગ્રંથ, કુરાન કે હોલ ઉપનિષદ, વેદ - **અમૃત બિંદુ**
- રહે ભાવના એવી મારી, સરળ, સત્ય વ્યવહાર કરું,
  બને એટલું આ જીવનમાં પરોપકારનું કામ કરું - **એસ. ભટ્ટાચાર્ય**
- પરિંદો કો નહીં દી જાતી તાલીમ ઉડાનોં કી, વોં ખુદ હી તય કરતે હૈ મંજિલ આસમાનોં કી,
  રખતા હૈ જો હોંસલા આસમાનોં કો છુને કા, ઉસકો નહીં હોતી પરવાહ ગિર જાને કી - **ઈકબાલ પટેલ**
- અન્યની નિર્બળતાની જગ્યાએ તમારી સામર્થતા સાથે યુદ્ધ કરો, કારણ કે અસલી ફતેહ અન્યના પરાજયથી નહીં, પરંતુ તમારા સંનિષ્ઠ પ્રયાસોથી પ્રાપ્ત થશે - **વજુ કોટક**
- માત્ર પૈસાને ખાતર કોઈ પણ કામ ન કરવું, અણુબોમ્બને કારણે દુનિયામાં જેટલા મોત થયાં છે એના કરતા વધુ પૈસાની લાલચે થયા છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : શરદીમાં રાત્રે સૂતી વખતે અને સવારે બ્રશ કરીને તરત ગરમ પાણી પીવાથી છાતીનો કફ છૂટો પડે છે.

***(સંકલન : દિપક વી. આશરા)***

### બોધકથા

એક મસ્જિદમાં સાચો સૂફી વીસ વર્ષથી એક જ જગ્યાએ પાંચે વખત નમાઝ પઢે. એક જ જગ્યાએ, એક જ સ્વરમાં, સૂરમાં, નિયમિત નમાઝ અદા કરે. એ જગ્યાના પથ્થર પણ ઘસાઈ ગયા હતા. એકવાર સૂફી નમાઝ પઢવા પહોંચ્યો બરાબર તે વખતે આકાશવાણી થઈ, 'હે સૂફી, હે ફકીર તું વીસ વર્ષથી નમાજ પઢે છે, પણ તારી એકે નમાઝ ખુદાએ મંજૂર નથી કરી, તારી બંદગી કબૂલ થઈ નથી.'

મસ્જિદના મૌલવી પણ આવી વાણી સાંભળી દુઃખી થયા કે આ સૂફી ફકીરની વીસની બંદગી નિષ્ફળ ગઈ છે. પણ આ સૂફી સંત તો આ વાણી સાંભળી નાચવા લાગ્યા, મસ્જિદનાં થાંભલાને આલીંગન આપી ખુદાનો આભાર વ્યક્ત કરતો હતો ત્યારે મૌલવીએ એને કહ્યું, 'ફકીર, તમારે તો રોવું જોઈએ કે તારી વીસ વર્ષની નમાજ બાતલ ગઈ છે. તારી બંદગી કબૂલ નથી થઈ, તું કઈ ખુશીમાં ઉત્સવ મનાવે છે ?' સૂફી કહે, 'મને નાચવા દો હું તો ખૂબ ખુશ થયો છું, ખુદા નમાઝ મંજૂર કરે કે ન કરે, એની કોણ પરવા કરે છે ? પણ એક વસ્તુ તો પાકી થઈ ગઈ કે હું નમાઝ પઢું છું એને એની ખબર છે. મારી વીસ વર્ષની બંદગીનો એ સ્વીકાર કરે કે ન કરે એ વાત છોડો, પણ હું બંદગી કરું છું એની એને ખબર તો છે ને...'

બસ મારી સાધના સફળ થઈ જ ગઈ છે.' મૌલવીને હવે ફકીરની વાત સમજાઈ.

# ભાજપનો જાદુ હવે ઓસરે છે

ભારતીય જનતા પાર્ટી સામે દિવસે દિવસે દેશભરમાં વિરોધનું વાતાવરણ જામતું જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામનો કરિશ્મા પણ અગાઉ જેવો રહ્યો નથી. સોશિયલ મીડિયાથી માંડી પાનના ગલ્લા સુધી હવે મોદીનો જાદુ ઓસરવા લાગ્યો છે. મોદીએ મહા મહેનતે જે 'ગુજરાત મોડલ' તૈયાર કર્યું હતું તેનો પણ હવે ધીરે ધીરે રકાસ થઈ રહ્યો છે. જે રીતે નીરવ મોદી કૌભાંડમાં તંત્રની મિલીભગતનો પર્દાફાશ થઈ રહ્યો છે અને બીજી તરફ દલિતોનો આક્રોશ ભભૂકી ઊઠ્યો છે તે જોતાં 'ગુજરતા મોડલ' ગુજરાત સરકાર અને ખુધ મોદી સરકાર શંકાના ઘેરામાં આવી ગઈ છે. ગુજરાતને હિંદુત્વની રાજનીતિનું હબ બનાવવામાં મોદી અને એમના સમર્થકોને ધારી સફળતા સાંપડી હતી એ જ રીતે હવે જિજ્ઞેશ મેવાણી અને એમના સમર્થકોને ગુજરાતને દલિત રાજનીતિનું હબ બનાવવામાં સફળતા સાંપડે એવા અણસાર મળી રહ્યા છે. ગુજરાત નવાં આંદોલનો, નવા વિચારોને અત્યંત ઝડપથી સ્વીકારી લેનારું સંવેદનશીલ રાજય છે. હિંદુત્વની લેબોરેટરી બની ચૂકેલું ગુજરાત આગામી દિવસો દરમિયાન દલિત અસ્મિતાની પ્રયોગશાળા બને એવી પૂરી સંભાવના છે. આથી દેશભરમાં ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ કચડાયેલા વર્ગોમાં આક્રોસ ઊભો થશે તો બંધારણના નામે દુહાઈ દેવાના અને બાબાસાહેબ આંબેડકરને કોંગ્રેસે અન્યાય કર્યાના ભારતીય જનતા પાર્ટીના દાવાનું કશું જ મહત્ત્વ નહીં રહે, તે નક્કી છે. તીન તલાક અને હજ સબસીડી મુદ્દે મુસ્લિમોની નારાજગી વહોરી લીધા પછી ભાજપા લઘુમતી વર્ગના સહયોગની આશા રાખે તે વધુ પડતું જ ગણાશે. આમ ભાજપે સવર્ણ હિંદુ મતોનું ધ્રુવીકરણના જ મુદ્દે તરવાનું રહે એવી સ્થિતિ સરજાવાની પૂરી શક્યતા છે. પરંતુ એક વાત નક્કી કે પાર્ટીમાં એકચક્રી શાસન જમાવી મોદીએ પોતાની સ્થિતિ પાર્ટી પૂરતી તો મજબૂત બનાવી દીધી છે.

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતમાં મોદી શાસનકાળમાં જ પાર્ટીનું પ્રાદેશિક કાર્યાલય ગાંધીનગર પાસે નિર્માણ પામ્યું હતું. દિલ્હીમાં ભાજપનું કાર્યાલય ૧૧, અશોકા રોડ ખાતે હતું અને એને અડીને આવેલ ૯, અશોકા રોડને જેટલીને ફાળવાયેલ બંગલો પણ કાર્યાલય સાથે જોડી દેવાયો હતો. સુપ્રીમ કોર્ટે લુધિયન વિસ્તારમાં રાજકીય પાર્ટીઓનાં કાર્યાલયો ખસેડવાના આપેલ નિર્દેશનો સૌથી પહેલો અમલ શાસક પાર્ટીએ કર્યો છે. દીનદયાળ ઉપાધ્યાય માર્ગ પર વિશાળ પ્લોટ પર ભાજપનું રાષ્ટ્રીય કાર્યાલય નિર્માણ પામ્યું છે જેમાં બધી જ અદ્યતન સુવિધાઓ સામેલ છે. આ નવા રાષ્ટ્રીય કાર્યાલયનું ઉદ્ઘાટન પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વરદ્ હસ્તે જ યોજાયું જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ઉપરાંત હાથ જોડી ઊભેલાં બે વરિષ્ઠ છતાં 'આઉટ ઑફ ડેટ' બની ગયેલા ભાજપના રાષ્ટ્રીય નેતાઓની તસવીર જોતાં એમ જ લાગે કે પાર્ટી ઉપર હવે બે ગુજરાતી નેતાઓને સુવાંગ કબજો મેળવી લીધો છે. મોદી અને શાહના વર્ચસ્વને પડકારવાની તાકાત હવે નથી તો પાર્ટીના સમર્થક ગણાતા હિંદી બેલ્ટના નેતાઓ પાસે રહી કે નહીં સંઘ પાસે બચી. અલબત્ત જનતા ઉપરથી એમની ભુરકી ઓસરી રહી છે તે જુદી વાત છે.

# જીવનમાં રિચાર્જ અને અપડેટનું અનેરું મહત્ત્વ છે



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
**ડૉ. સંતોષ દેવકર**

'ના.... યાર મારાથી બિલકુલ ......! અને આમ તે કંઈ ચાલે ?' મિત્રએ કહયું.

'અરે..... છોડ આપણે શું ?'

'ઈટ ઈઝ વેસ્ટ ઓફ ટાઈમ ,એનર્જી એન્ડ મની ઓલસો.' બીજા યુવાને પોતાનો ગુસ્સો પ્રગટ કર્યો.

'ભાઈ, તુ શાંતિથી મુવી જો ને ?'

કેટલાક યુવામિત્રો એક મુવી જોવા માટે ગયા હતા. મલ્ટીસ્ક્રીન થીયેટરમાં ફિલ્મ નિહાળવાની મજા જ કંઈ ઔર હોય છે. ફિલ્મ અંગ્રેજી ભાષામાં હતી. ફિલ્મ ચાલુ થઈને આ યુવામિત્રોની આગલી હરોળમાં એક આધેડ વયના કાકા આવીને બેઠાં હતા. પહેરવેશ અને બોડીલેંગ્વેજ ગામડીયા જેવા લાગતા હતા. કાકાને અંગ્રેજી આવડતું હોય તેમ લાગતું નહોતું.

'તો પછી ફિલ્મ જોવા શા માટે આવ્યા હશે ?'

'ટાઈમ પાસ, આ ઉંમરે કરે પણ શું ?' ટાઈમપાસ.....!

'અરે... પણ કાકાએ ટિકીટ લીધી છે તો ભલે... આપણે શું ?'

'.... પણ ફિલ્મ તો અંગ્રેજીમાં છે, ખબર તો કાંઈ પડવાની નથી.'

જેવી ફિલ્મ પૂરી થઈ કે એક મિત્રથી રહેવાયુ નહિ તેણે તરત પૂછી જ નાખ્યું.

'અન્કલ, જસ્ટ અ મિનિટ. એક વાત પૂછું ?' 'પૂછને બેટા.. પૂછ ' કાકા એ ખુબજ આદરપૂર્વક કહયું.

'તમે ભણેલા છો ?'

'ના'

'અંગ્રેજી આવડે છે ?'

'ના'

'ફિલ્મમાં કાંઈ ખબર પડી ?'

'ના'

'તો ફિલ્મ જોવા શા માટે આવ્યા ?'

કાકાએ ગળાનું મફલર સરખું કર્યું અને ખોંખારો ખાઈને બોલ્યા,

'બેટા, મને અંગ્રેજી આવડતું નથી, હું ભણ્યો જ નથી. અંગ્રેજીમાં મને કાંઈ જ ખબર પડતી નથી.'

'.... તો પછી શા માટે આવ્યા ?' પેલા યુવાને આક્રોશ ઠાલવ્યો.

'બેટા, મારો ધંધો દરજીનો છે હું કપડાં સીવું છું. હું તો એ જોવા આવ્યો કે ફિલ્મના હીરોએ કઈ ડિઝાઈનનું પેન્ટ પહેર્યું છે. હિરોઈને કયા પ્રકારનો ડ્રેસ પહેર્યો છે. બજારમાં નવી ડિઝાઈન કઈ ચાલે છે. નવી કઈ આવી રહી છે. તે જોવા માટે અને ખાસ તો મારા ધંધાનો વિકાસ કરવા માટે આવ્યો છું.'

કાકાનો જવાબ સાંભળી યુવાનીયાઓની બોલતી બંધ થઈ ગઈ.

૨૧મી સદી જ્ઞાનની સદી છે. જેની પાસે નવી વાત નથી તેની વાત કોઈ સાંભળતું નથી.બાળક પણ એક ગેમ રમ્યાં પછી બીજી નવી ગેમની માગણી કરે છે. રસોડામાં પણ એકને એક વાનગીને જોઈને આપણે નવી વાનગી બને તેનો આગ્રહ રાખીએ છીએ. વકીલ જો અપડેટ ન રહે તો પોતાના અસીલને ન્યાય અપાવી શકે નહિ. અપ ટુ ડેટ રહે તો શિક્ષક પોતાના બાળકોને નવું નવું પીરસી શકે. એક સારો વકતા નાવીન્યસભર વાત કરે તો શ્રોતાઓના દિલ જીતી શકે છે. કલાસરૂમમાં એકનું એક લેકચર ઝીંકતા અધ્યાપકો વિદ્યાર્થીઓમાં ધીરે ધીરે અપ્રિય થઈ જતાં હોય છે.

મિત્ર વર્તુળમાં પણ તેની જ રાહ જોવાતી હોય છે જે મિત્ર હંમેશા અપટુ મોમેન્ટ રહેતો હોય.બજારમાં નવું પુસ્તક કયુ આવ્યું, કે પછી નવું આલ્બમ કયુ લોન્ચ થયુ,નવી હિરોઈન કે હીરો કોણે ડેબ્યું કર્યુ. વગેરે જાણકારી ન ધરાવનારા પછાત ગણાય છે.આજે મોબાઈલ નામનું રમકડું આપણને અપડેટ રાખે છે એવું આપણે કબુલ કરવું પડે. દરેકને અપડેટ રહેવાનો અધિકાર છે અને આજના યુગની માંગ પણ છે. જે અપડેટ રહેતો નથી તેને વર્તમાન જોજનો દૂર ફેંકી દે છે.ડેઈલી રૂટીનમાંથી ચેન્જ મળે માટે જ વીકેન્ડમાં ફરવા જતાં હોય છે. જેથી રીચાર્જ થવાય અને ફરીથી તરોતાજા થઈને કામે લગાય.જીવનમાં રિચાર્જ અને અપડેટનું અનેરું મહત્ત્વ છે. આ મહત્ત્વ સ્વીકારનારા સફળતાને વરે છે.

મિસરી

'ભલે બીજું ઊગે અથવા પહેલું ઊગવાનું
હશે નકકર તો પથ્થરમાં પડેલું ઊગવાનું '

- સ્નેહી પરમાર

santoshdevkar03@gmail.com

# એક હી સફર મેં ખડે રહ ગયે, મહેમૂદો - અયાઝ, ન કોઈ બંદા રહા, ઔર ન કોઈ બંદાનવાઝ



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

અંગ્રેજ કવિ ચોસરની પંક્તિ છે કે - If gold can Rust what will Iron Do ? જો સોનાને કાટ લાગી શકે તો લોખંડની... શું હાલત થાય ?

એક વેપારી ઈન્કમટેક્સ ઑફિસની કચેરીમાં ગયો અને પ્રવેશતાવેંત ફરિયાદ કરી - 'સાહેબ, આ તમારા પટાવાળાને કંઈક કહો, અંદર આવવાના દસ રૂપિયા માંગતો હતો.' સાહેબે પટાવાળાને અંદર બોલાવ્યો અને કહ્યું, 'આ માણસને ધક્કા મારીને બહાર કાઢ.' પેલો વેપારી તો ગભરાઈ ગયો... અને કરગરવા લાગ્યો...'સાહેબ આમા મારો શું વાંક...!' સાહેબે કહ્યું, 'જે વ્યક્તિ પટાવાળાને દસ રૂપિયા નથી આપી શકતો... તે મને શું આપવાનો હતો?'

એક બીજી કથા જોઈએ.... એક દરજીને કપડું ચોરવાની ખૂબ આદત હતી. કોઈ પણ સારું કાપડ સીવવા આવે તો એમાંથી થોડુંક તો તફડાવી જ લે. એકવાર એ બીમાર પડ્યો... અને બિમારીમાં તેને ભયંકર સ્વપ્ન આવ્યું... એણે જોયું કે પોતે ખુદા પાસે પહોંચી રહ્યો છે, ત્યારે પોતે ચોરેલા તમામ કાપડની ખુદાએ ઝંડીઓ બનાવી હતી અને આખા રસ્તે એ ઝંડીઓ દેખાતી હતી... પોતે કરેલી ચોરી માટે તેને પારાવાર પસ્તાવો થવા લાગ્યો... તે સાજો થયા પછી તેણે મિત્રોને કહ્યું, 'હવે હું બિલકુલ કપડું ચોરવાનો નથી. છતાં પડેલી આદત ન જાય અને તમે મને કપડું ચોરતા જોઈ લો. તો માત્ર એટલી જ ચેતવણી આપવી કે, 'ઉસ્તાદ ઝંડી' અને હું સમજી જઈશ કે મારે કપડું ચોરવાનું નથી...'

એ પછી જયારે જયારે એ દરજીનો હાથ ચોરી માટે લલચાય ત્યારે ત્યારે સાથી મિત્રોની ચેતવણી સાંભળી પાછો અટકી જાય... એકવાર એવું થયું કે શ્રીમંત ગ્રાહક સૂટનું અફલાતૂન કપડું લઈ સીવવા માટે આપી ગયો. દરજીની નિયત બગડી. એને થયું કે આમાંથી તો મારા દીકરાનું શર્ટ બની જશે... રજીએ જેવો કપડા પર કાતરવાળો હાથ મૂક્યો કે તરત જ સાથીએ કહ્યું, 'ઉસ્તાદ ઝંડી.' ઉસ્તાદે ગુસ્સે થઈને જવાબ આપ્યો - 'એ હર પલ ઝંડી ઝંડી કયાં લગા રખા હૈ ? રાસ્તે પર ઈતની સારી ઝંડીયા હૈ તો એક ઑર લગ જાયેગી.'

ખુલ્લેઆમ આમ લાંચ-રુશ્વતનો માહોલ જામ્યો છે... ત્યારે આ કથા સૂચક બની રહે છે... આદર્શ ગોટાળો હોય કે ટુજી, થ્રીજી વાળા ટેલિકોમ ગોટાળા, બધું આપણી માટે નવું નથી... કૌભાંડોના નામ બદલાતા રહે છે, પાર્ટીઓના નામ બદલાતા રહે છે પણ કૌભાંડ અટકતા નથી...

રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ કે સરકારી અમલદારો તો આ કળણમાં ખૂંપેલા છે જ. પરંતુ મારા-તમારા જેવા સામાન્ય માણસો પણ કયાંકને કયાંક આમ બંધ બેસીએ છીએ...

'સરકાર ભ્રષ્ટાચારથી ખદબદે છે', 'આખો સમાજ રૂશ્વતખોર બની ગયો છે.' જેવા આક્ષેપો આપણે ઉચ્ચારીએ છીએ ત્યારે આપણે બધાથી કંઈક ઊંચા હોઈએ તેવો ભાવ અનુભવીએ છીએ... પ્રામાણિક હોઈએ તેવી લાગણી અનુભવાય છે... કોઈની નિંદા કરવામાં સુખ એ છે કે આપણે આવા અવગુણોથી તદ્દન મુક્ત છીએ તેવા ભ્રમમાં રહી શકીએ છીએ.

આપણે બધા ભ્રષ્ટાચારની ઝાટકણી કાઢતા રહીએ છીએ... પરંતુ આપણે પણ તેનાથી ખરડાયેલા તો છીએ જ ને ! આપણે બધા પણ પેલા દરજીની જેમ 'આટલી બધી ઝંડીઓ છે તો એક વધુ' એમ કહીને પુરમાં તણાઈ જઈએ છીએ...

કવિ ઈકબાલના શબ્દો છે :

એક હી સફર મે ખડે રહ ગયે, મહેમૂદો - અયાઝ
ન કોઈ બંદા રહા, ન બંદા-નવાઝ.

- ગુલામ અને માલિક બંને એક જ હરોળમાં ઊભા રહેવાના હોય છે અને ગુલામ અને માલિકનો ભેદ અલ્લાહના દરબારમાં નથી... આ વાતને ભ્રષ્ટાચારના સંદર્ભે જોઈએ તો ગરીબ - તવંગર, જ્ઞાની-અજ્ઞાની બધા જ ભ્રષ્ટાચાર આચરવામાં સાથે છે. ઓછાવત્તા અંશે સહુ કોઈ ખરડાયેલા છે... જે વ્યક્તિઓને આપણે આદર્શ માનતા હોઈએ એ પણ જો કરપ્ટ નીકળે તો સામાન્ય મનુષ્યોને તો શું વાર લાગે ?

આજનો યુગ ભ્રષ્ટાચારનો યુગ છે, એમ કહીએ ત્યારે આપણે એ યુગમાંથી બાકાત તો રહેતા જ નથી. જો દેશ ભ્રષ્ટાચારની ખીણમાં સરકતો જતો હોય તેમાં કદાચ આપણે ધક્કા નહીં માર્યા હોય પણ પડતો રોકવા પ્રયત્ન પણ નથી કર્યા અને અસહાય પણ તેને પડતો જોઈ રહ્યા છીએ... આ પણ આપણો પરોક્ષ ફાળો જ છે ને !

શાસ્ત્ર અને સત્પુરુષોની વાણી અને તેમના કથનનો અર્થ આપણી રીતે જ તારવી લઈએ છીએ... કૃષ્ણ - રામની કહેલી વાતો ને એ જ અર્થમાં કયારેય આપણે સમજ્યા છીએ ખરા ! અરે ભગવાનની વાત બાજુ પર મૂકીએ તો ગાંધીજી કે વિનોબા ભાવે જેવા સત્પુરુષોએ જે કહ્યું તે પણ સાચી રીતે સમજવાનો પ્રયત્ન કર્યો છે ખરો ! જો કર્યો હોત તો ગાંધીજીના So called અનુયાયીઓના ટોળેટોળા ભ્રષ્ટાચારમાં ખદબદતા ન હોત...

ગાંધીજીએ કહ્યું - 'પ્રજાનો પૈસો આપણો પૈસો હોય તેવી ચીવટથી વાપરવો જોઈએ.' આ વાતને બધા જ ગાંધીવાદીઓએ અપનાવી લીધી - છે - પણ પોતપોતાના અર્થમાં.

હાસ્યકવિ શૈલ ચતુર્વેદીની આ રચના અત્યારની સામાજિક વિષમતા રજૂ કરી શકશે...

બજારનો આ હાલ છે
કે ગ્રાહક પીળો
પણ દુકારદાર લાલ છે...
દૂધવાળો કહે છે કે -
દૂધમાં પાણી શું કામ છે એ
ગાયે ને પૂછો -
ગાય કહે - પાણી પી રહી છું
પાણી જ આપું ને...
દૂધવાળો મારો પ્રાણ લે છે
હું તમારો લઈશ...
માખણવાળો કહે છે
'બાબુજી આ માખણ છે
ખાવા માટે નથી - પણ લગાવવા માટે છે
જે લગાવી જાણે છે
એને ઉપરવાળો પણ માને છે.'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# ગાંઠના ગોપીચંદન ઘસનારને સલામ...



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

આજથી વીસેક વર્ષ પહેલા અમદાવાદના ભુદરપુરા વિસ્તારમાં ઝૂંપડપટ્ટીને નાકે પોતાની વેલ્ડીંગની દુકાનને ઓટલે ઊભા રહેલા કમળભાઈએ એક છોકરાને પૂછ્યું, 'ચ્યાં જઈ આયો ?' ને પેલા છોકરાએ રાજી રાજી થતા કહ્યું, 'શાળાએ જયો તો, પરીક્ષા આલીને આયો.' કમલભાઈએ પેલા છોકરાના હાથમાં રહેલું પ્રશ્નપત્ર પકડ્યું... ને એમાંથી એક સવાલ પેલા છોકરાને પૂછ્યો... છોકરો મુંઝાયો કારણ કે જવાબ આવદતો ન હતો... કમલભાઈએ કહ્યું, 'અરે છોકરા, મારે ભણવું હતું પણ ભણી ના શક્યો ને તું ભણ્યો - પાછો પરીક્ષા આપી આવ્યો ને તને આ જવાબ ના આવડે...?'

બસ એ દિવસ ને એ ઘડી કમલભાઈએ નક્કી કરી લીધું કે આ વિસ્તારથી સરકારી શાળાના બધા વિદ્યાર્થીઓને હું ભણાવીશ. એમને માટે જરૂરી એવું પ્રાથમિક શિક્ષણ આપીશ, ને આ છોકરાઓને અપ ટુ ડેટ બનાવીશ.

પ્રશ્ન એ આવ્યો કે શિક્ષણ કયાં આપવું ? જગ્યા-મકાન-સુવિધા કેટકેટલું જોઈએ.... એક સંકલ્પ પુરો કરવા માટે !!!

પરંતુ હારે એનું નામ કલમભાઈ પરમાર નહિ, એમણે જાહેર રસ્તાની ફૂટપાથ પર બે-પાંચ છોકરાઓને ભણાવવાનું કામ શરૂ કરી દીધું. આ વિસ્તારમાં રહેતા શ્રમજીવીઓ માંડ માંડ બે ટંકના રોટલા જેટલું રળતા હોય ત્યાં એમના બાળકોને ભણાવવાની જવાબદારી અને એમાં ધ્યાન આપવા માટેનો સમય - બંને કયાંથી લાવે ? કમલભાઈએ કુમળા મનના તમામ બાળકોમાં શિક્ષણ અને સંસ્કારનું સિંચન શરું કર્યું. પોતે જ ભણ્યા ન હતા એટલે ભણાવવાનું કામ સરળતાથી પાર પાડવા બાજુમાં આવેલી. સી.એન. વિદ્યાલયમાંથી બી.એડ્.ના વિદ્યાર્થીઓને બોલાવ્યા - એમને ગાંઠના પૈસા પણ ચુકવ્યા. સમય જતા લોકોને ખબર પડતી ગઈ, બાળકોની સંખ્યા વધવા માંડી, શિક્ષકો પણ જોડાતા થયા. ફુટપાથ પરનું આ જ્ઞાનમંદિરનું કાર્ય એટલું મહેક્યું કે એની સુવાસ શિક્ષણ બોર્ડ સુધી પહોંચી. પરિણામે શહેરની જાણીતી શાળાઓના આચાર્યો અહીં ચાલતા શિક્ષણ કાર્યની મુલાકાત લઈ ગયા, આ કાર્યને બિરદાવતા ગયા.

કમલભાઈનો થયું કે વિદ્યાર્થીઓ સાંજે જે સમયે ભણે છે તે સમય તો વાળુ-પાણીનો છે, એટલે તેઓએ બાળકોને શિક્ષણની સાથે સાથે સાંજના સમયનું ભોજન પણ આપ્યું. આ કાર્યમાં શહેરના અનેક લોકો જોડાયા અને સંવેદનાથી શરુ થયેલા કાર્યની સુવાસ વધુ લોકો સુધી પહોંચી.

અહીં કોઈ સીલેબસ મુજબ નથી ભણાવામાં આવતું, સરકારી શાળાના બાળકોને જે કાંઈ આવડતું નથી - અઘરું લાગે છે તેનું શિક્ષણ અપાય છે. ભાર વિનાના ભણતરને પામેલા કેટલાયે વિદ્યાર્થીઓ ડબલ ગ્રેજ્યુએટ, માસ્ટર ડિગ્રી - એન્જીનીયર ને એમ.બી.એ. સુધીનું ભણ્યા છે. પોતાનો અનુભવ છે એટલે હવે તેઓ પણ આ કાર્યમાં જે કાંઈ થઈ શકે તે પ્રકારે મદદ થયા છે.

અહીંના વિદ્યાર્થીઓ પૈકીના ભાનુબહેન કહે છે, 'હું અહીં લેસન તો પામી જ, પરંતુ તે ઉપરાંત મને જીવન જીવવાની કળા પણ શીખવા મળી.' બીજી એક સ્ટુડન્ટ માલતી કહે છે 'કમલકાકા પાસે ભણતરના સાચા મૂલ્યો છે.' ભાવિની ચાવડા નામની વિદ્યાર્થીનીને ધોરણ ૧૦માં ૮૨%, ધોરણ ૧૨માં ૮૪% અને બી.કોમમાં ૭૨ % માર્કસ આવ્યા તેનું શ્રેય તે કમલકાકાના જ્ઞાન મંદિરને આપે છે.

પોતે ભણી ન શક્યા એનાથી નિરાશ થવાના બદલે ગરીબ બાળકો અભ્યાસથી વંચિત ન રહે તે માટે એક વિચારને અમલમાં મૂકીને બાળકોને શિક્ષણ અને ભોજન એમ બંને આપવાની કામગીરીમાં નિમિત બનનાર કમલભાઈ પરમાર ખરેખર ધન્યવાદના અધિકારી છે.

જાગૃત જન ટ્રસ્ટ દ્વારા કમલભાઈ પરમારનું એવોર્ડ આપીને સન્માન કરાયું ત્યારે તેમના વિશેની જાણકારી એડવોકેટ અશોક દામાણી થકી મળી ને તેમના કાર્યને સલામ થઈ ગઈ.

અનુસંધાન પાના નં. ૭ પર

# પુષ્પે પુષ્પે પરમેશ્વર

'આ ડાળ ડાળ જાણે કે, રસ્તા વસંતના
ફૂલો એ બીજું કંઈ નથી, પગલાં વસંતનાં.'

- મનોજ ખંડેરિયા


વસંતઋતુનું મધ્યવર્તી કેન્દ્રબિંદુ પુષ્પો છે. ધરતીનું જ એ સંતાન છે અને સન્માન પણ છે. આજે આ પુષ્પોનો પમરાટ માણવાનો અ ે ક ઉપક્રમ છે. ફૂલની ખીલતી કળી યૌવનનું પ્રતીક છે.



માણસને ફૂલ પસંદ નથી એનો ભૂલથી ય વિશ્વાસ કરતા નહિ. કોમળતાનો પર્યાય વાચી શબ્દ એટલે જ પુષ્પ. કે કોમળતા જ કોમળતાની સાચી લાજ રાખે છે, પતન પામ્યું ઝાકલ તો સન્માન કર્યુ ફૂલોએ.



જીવન જીવવાની કળા આપણે આ શાનદાર પુષ્પો પાસેથી શીખવાની છે. મોગરાની સફેદી જેવું નિષ્કલંક જીવન, પારિજાતની



ઋજુતા ગુલાબની ગરિમા, જાસૂદની લાલિમા, રાતરાણીનો ઠસ્સો, ચંપાની ચંચળતા, કપાસના પુષ્પ જેવી સાદગી, કેસૂડાનું કામણ, ગુલમહોરની રંગીનતા, સખત ગરમીમાં પણ ખીલવા જેવી ગરમાળાની શૂરવીરતા, સૂર્યમુખી જેવી એકનિષ્ઠતા - આટલું આવડી જાય તો બેડો પાર.

સ્વયં શ્રીકૃષ્ણ પણ આ ફૂલો ઉપર ફીદા ફીદા થઈ ગયા છે. કુરુક્ષેત્રમાં પણ એ કબૂલ કરે છે કે ઋતુઓમાં હું સ્વયં વસંત છું. શ્રીકૃષ્ણના શણગારમાં બે કાને બે કાંચનાર પુષ્પોનો ઉલ્લેખ ભાગવતમાં પણ છે. એકલા શ્રીકૃષ્ણ જ કેમ વસંતપંચમીના શુભારંભે જ જેમની વંદના - પૂજા - અર્ચના થાય છે કે મા શારદા - સરસ્વતી દેવીનું આસન જ શ્વેત કમળ છે - એ શ્વેત પદ્માસના છે. મહાલક્ષ્મજીને તો કમળ અત્યંત પ્રિય છે. વિષ્ણુનું એક નામ એટલે જ કમળાપતિ છે.



**પી.એમ. પરમાર**

મહાવીર હનુમાનજીને આકડાનાં પુષ્પોનો હાર ચડાવાય છે; ગણપતિજીને જાસૂદ પ્રિય છે; રૂકિમણીજીને પારિજાતનાં પુષ્પો ખૂબ પસંદ હતાં; પેલાં સુપ્રીમો શિવજી તો ધંતૂરાથી રાજીરાજી થઈ જાય છે.

ફૂલોની માતાનું નામ ડાળી છે. ભૂલો સૌ જયારે બાળ લાગે છે, કોઈ મા જેવી ડાળ લાગે છે! ફૂલ તો કુદરતની આખેઆખી યુનિવર્સિટી છે. જળ કમળવત્ રહેવું અઘરું છે, કહેવું સહેલું છે. ફૂલના હોત તો વેલેન્ટાઈન ડે નું શું થાત? કવિઓ તો ફૂલો ઉપર કાયમ ઓળઘોળ હોય છે. ઘેરી વળે છે જયારે ગની દુઃખના કંટકો, મારું જીવન ગુલાબનો આકાર હોય છે. પુષ્પ ઉપર તો પુષ્પદંતનું શિવમહિમ્ન સ્તોત્ર સૌ કોઈ જાણે છે. ભૂલ કહે ભમરાને માધવ કયાંક નથી મધુવનમાં યાદ આવે જ. છેલ્લે દરેક પતિ-પત્નીએ ભગવાન સાક્ષીએ માથા ઉપર હાથ મૂકી પોતાની જાતને એક પ્રશ્ન અચૂક પૂછવાનો છે કે છેલ્લે એકમેકને ફૂલ કયારે આપ્યું ? જવાબ શરમાવાનો કે શરમાઈ જવાનો જ આવશે. ચાલો ત્યારે આવજો - એક ફૂલ આપજો.